## પતિએ મોબાઈલ મારી પત્નીના દાંત તોડી નાંખ્યા

**‘તમે** મારી સાથે કેમ વાત કરતા નથી’ તેમ પત્નીએ પૂછતા ઉશ્કેરાયેલા પતિએ મોબાઈલ ફટકાર્યો

વાપી : વાપીના છરવાડામાં ઘરેલું હિંસાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. છેલ્લા બે વર્ષથી ત્રાસ ગુજારતા પતિએ ઝઘડો કરી પત્નીના મોઢા પર મોબાઈલ ફોન મારતા પત્નીના ત્રણ દાંત તૂટી ગયા હતા. છીરીમાં રહેતા નીયતીબેન માહ્યાવંશીએ વર્ષ 2022માં છરવાડાના રોનક દમણીયા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. તેમને 10 માસનું સંતાન પણ છે. ગત 22 માર્ચના રોજ નીયતીબેન નોકરી પરથી મોડા ઘરે પરત ફર્યા ત્યારે તેમણે પતિને “તમે મારી સાથે કેમ વાત કરતા નથી?” તેમ પૂછ્યું હતું. આ સામાન્ય વાતથી ઉશ્કેરાયેલા પતિએ પત્નીને માર મારવાનું શરૂ કર્યું હતું અને આવેશમાં આવી પત્નીના મોઢા પર જોરથી મોબાઈલ ફોન ફટકાર્યો હતો. આ હુમલામાં નીયતીબેનને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમના ત્રણ દાંત તૂટી ગયા હતા. સતત મળતા ત્રાસથી કંટાળી આખરે ભોગ બનનાર મહિલાએ વાપીના ડુંગરા પોલીસ મથકમાં પતિ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

# કાર લોક ન કરવાનું ટ્રસ્ટીને ભારે પડ્યું, 5.50 લાખ ભરેલી બેગની ચોરી

**દમણની** શાળાના ટ્રસ્ટીની શાળાની ફી અને પુસ્તકોના વેચાણની રકમ વાપીમાં તસ્કર ઉઠાવી ગયો, સીસીટીવીમાં શંકાસ્પદ યુવાન કેદ

વાપી : વાપીના વ્યસ્ત એવા સોનોરસ બિલ્ડિંગ ચાર રસ્તા પાસે એક ચોંકાવનારી ચોરીની ઘટના બની છે.

દમણની શાળાના ટ્રસ્ટી પોતાની કાર લોક કર્યા વિના મ્યુઝિક ડ્રમ રિપેર કરાવવા ગયા હતા, જેનો લાભ ઉઠાવી તસ્કર કારમાંથી રૂ. 5.50 લાખની રોકડ ભરેલી બેગ ચોરી કરી રફુચક્કર થઈ ગયો હતો.

પારડીના ટુકવાડા ખાતે રહેતા 45 વર્ષીય ચેતનભાઈ ખીમજીભાઈ પટેલ દમણના દાભેલ સ્થિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયમાં ટ્રસ્ટી છે. શાળાના વિદ્યાર્થીઓને પુસ્તક વિતરણ અને શાળાની ફી પેટે કુલ રૂપિયા 5,50,000 રોકડા એકત્ર થયા હતા. આ રકમ તેમણે એક લેપટોપ બેગમાં ભરી કારની ડ્રાઈવર સીટની બાજુમાં નીચેના ભાગે મૂકી હતી.

શાળાનું સંગીત ડ્રમ તૂટી ગયું હોવાથી તેને રિપેર કરાવવા માટે વાપી સોનોરસ બિલ્ડિંગ પાસે આવ્યા હતા. શીતલ એપાર્ટમેન્ટ સામે માર્ગ પર પોતાની કાર પાર્ક કરી તેઓ ડ્રમ આપવા માટે સ્ટોર પર ગયા હતા.

ઉતાવળમાં તેઓ કાર લોક કરવાનું ભૂલી ગયા હતા. થોડી જ વારમાં પરત ફરી જ્યારે તેઓ સર્કિટ હાઉસ તરફ પહોંચ્યા, ત્યારે કારમાં તપાસ કરતા રૂપિયા ભરેલી બેગ ગાયબ જણાઈ હતી.

ચોરીનો અહેસાસ થતા જ ચેતનભાઈએ આસપાસની દુકાનોના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. ફૂટેજમાં આશરે 20 વર્ષની વયનો એક પાતળો બાંધો ધરાવતો યુવાન પીળા રંગની થેલી સાથે શંકાસ્પદ હાલતમાં જણાયો હતો. આ શખ્સે પહેલા કારનું લોક ચેક કર્યું હતું અને આસપાસ કોઈ નથી તેની ખાતરી કરી ક્લીનર સાઈડનો દરવાજો ખોલી પળવારમાં રૂ. 5.50 લાખની બેગ ચોરી કરી લીધી હતી.

આ સમગ્ર મામલે ચેતનભાઈ પટેલે વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## મોગરાવાડી ગરનાળાનું રિનોવેશન શરૂ થતાં વાહનચાલકો માટે રસ્તો બંધ




■ વલસાડના મોગરાવાડી ગરનાળાનું ફરી રિનોવેશન હાથ ધરાતા લાંબા સમય સુધી વાહનવ્યવહાર બંધ રહેશે. આ કામગીરીને પગલે સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ અવરજવર માટે છીપવાડ થઈને વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવો પડશે, જેનાથી પરિવહન સમયમાં વધારો થશે.

# બલીઠા હાઈવે પર મૃતદેહ પરથી અનેક વાહનો ફરી વળ્યાં

**વાઈબ્રન્ટ** હોસ્પિટલ સામે સર્જાયેલી દુર્ઘટનામાં રાહદારીનું અકસ્માતમાં મોત નીપજ્યુ હતું

### હાઈવેની સેફ્ટી વોલ ઓળંગવી જીવલેણ સાબિત થઇ શકે

નેશનલ હાઈવે પર અકસ્માતો રોકવા માટે સેફ્ટી વોલ બનાવવામાં આવી છે, તેમ છતાં અનેક રાહદારીઓ જીવના જોખમે તેને ઓળંગતા હોય છે. હાઈવે પર દિવસ-રાત ભારે વાહનોની અવરજવર રહેતી હોય છે, ત્યારે રાત્રિના સમયે માર્ગ ઓળંગવો અત્યંત જોખમી છે. લોકોની આ બેદરકારી જ અકસ્માતોનું મુખ્ય કારણ બની રહી છે.

વાપી : વાપીના બલીઠા પાસે નેશનલ હાઈવે નંબર-48 પર ગત રાત્રે એક કમકમાટીભર્યો અકસ્માત સર્જાયો હતો. સુરતથી મુંબઈ તરફ જતા માર્ગ પર, વાઈબ્રન્ટ હોસ્પિટલની સામે એક અજાણ્યો ઈસમ હાઈવેની સેફ્ટી વોલ પાસે ઉભો હતો. તે દરમિયાન કોઈ અજાણ્યા વાહને તેને જોરદાર ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અંધારાના કારણે અકસ્માત બાદ માર્ગ પર પડેલા મૃતદેહ પરથી અનેક વાહનો પસાર થઈ ગયા હતા, જેના કારણે લાશ અત્યંત વિકૃત હાલતમાં મળી આવી હતી.

માર્ગ પરથી પસાર થતા અન્ય વાહનચાલકોની જાણ બાદ 108 એમ્બ્યુલન્સ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે લાશનો કબજો મેળવી પીએમ માટે ચલા સી.એચ.સી. હોસ્પિટલ ખાતે ખસેડી હતી. આ મામલે બલીઠાના રહીશ નિતેશકુમાર પટેલે વાપી ટ્રાફિક પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## GUJCETના સરળ પેપરથી વિદ્યાર્થીઓમાં આનંદ

**ગણિતના** પેપરને લઈને ઉતાર-ચઢાવ જોવા મળ્યો, કેટલાક પ્રશ્નોએ વિદ્યાર્થીઓને મથામણ કરાવી

**નવસારી** જિલ્લામાં 22 પરીક્ષા કેન્દ્રો પર કુલ 5342માંથી 5280 વિદ્યાર્થીઓ હાજર રહ્યા

નવસારી : વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ભવિષ્યના દ્વાર ખોલતી GUJCET પરીક્ષા નવસારી જિલ્લામાં ઉત્સાહભેર અને શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી. જિલ્લામાં 22 પરીક્ષા કેન્દ્રો પર કુલ 5338 વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી મોટાભાગના વિદ્યાર્થીઓએ ઉપસ્થિતિ નોંધાવી પરીક્ષા આપી હતી.

સવારના સેશનમાં લેવાયેલા રસાયણશાસ્ત્ર અને ભૌતિક વિજ્ઞાનના પેપર વિદ્યાર્થીઓ માટે “સ્કોરિંગ” સાબિત થયા હતા. પ્રશ્નપત્ર સરળ અને સમજવા યોગ્ય હોવાથી પરીક્ષા હોલમાંથી બહાર નીકળતા વિદ્યાર્થીઓના ચહેરા પર આત્મવિશ્વાસ અને ખુશી સ્પષ્ટ જોવા મળી હતી. આ સેશનમાં 5342માંથી 5280 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

બપોરે લેવાયેલ જીવવિજ્ઞાનનું પેપર પણ સરળતા તરફ ઝુકેલું રહ્યું હતું. વિદ્યાર્થીઓએ તેને સમયમર્યાદામાં સરળતાથી પૂર્ણ કર્યું હતું. કુલ 3284માંથી 3245 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જ્યારે 39 ગેરહાજર રહ્યા હતા.

દિવસના અંતિમ સેશનમાં ગણિતના પેપરને લઈને થોડો ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. કેટલાક પ્રશ્નોએ વિદ્યાર્થીઓને મથામણ કરાવી હતી અને વિચારવામાં મૂકી દીધા હતા, છતાં મોટાભાગના વિદ્યાર્થીઓએ સમયસર પેપર પૂર્ણ કરી દીધું હતું. આ સેશનમાં 2063માંથી 2039 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ખાસ વાત એ રહી કે સમગ્ર પરીક્ષા દરમિયાન એકપણ ગેરરીતિનો કેસ નોંધાયો નહોતો, જે તંત્ર માટે રાહતની બાબત બની હતી. કુલ મળીને સરળ પેપર અને શાંતિપૂર્ણ આયોજનને કારણે વિદ્યાર્થીઓમાં સંતોષ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

# ડાંગમાં ‘ઘર વાપસી’ આદિવાસી પરિવારોએ ખ્રિસ્તી ધર્મનો ત્યાગ કર્યો

**અંદાજિત** 100થી વધુ આદિવાસી પરિવારોએ પુનઃ હિન્દુ ધર્મ અંગીકાર કર્યો


ગીરીશ ભોયે

સાપુતારા : દક્ષિણ ગુજરાતનો પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર ડાંગ જિલ્લો હાલમાં એક મોટી ધાર્મિક અને સામાજિક ક્રાંતિનું સાક્ષી બન્યો છે. છેલ્લા કેટલાક સમયથી દેશમાં સમાન નાગરિક સંહિતા (UCC) અને સુપ્રીમ કોર્ટ દ્વારા ધર્મ પરિવર્તન કરનાર આદિવાસીઓના અનામત લાભો અંગે ચાલી રહેલી કાનૂની ચર્ચાઓની વ્યાપક અસર ડાંગના અંતરિયાળ વિસ્તારોમાં જોવા મળી રહી છે. આ કાયદાકીય અને સામાજિક ગતિવિધિઓ વચ્ચે ડાંગ જિલ્લાના વિવિધ ગામોના અંદાજે 100 જેટલા આદિવાસી પરિવારોએ ખ્રિસ્તી ધર્મ છોડીને પોતાની મૂળ સંસ્કૃતિ અને સનાતન હિન્દુ ધર્મમાં પરત ફરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. નવસારી જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ ઉનાઈ ખાતે આવેલા ઉષ્ણ અંબે માતા મંદિરે એક ભવ્ય ‘ઘર વાપસી’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે ‘અગ્નિવીર હિન્દુ સંગઠન’ દ્વારા તમામ પરિવારોને શાસ્ત્રોક્ત વિધિ અને મંત્રોચ્ચાર સાથે હિન્દુ ધર્મમાં પુનઃ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આદિવાસી યુગલોએ ઉનાઈના પવિત્ર ગરમ પાણીના કુંડમાં સ્નાન કરી શુદ્ધિકરણની પ્રક્રિયા પૂર્ણ કરી હતી અને ત્યારબાદ પૂજા-અર્ચના કરી વિધિવત રીતે હિન્દુ ધર્મ અંગીકાર કર્યો હતો. હિન્દુ ધર્મમાં પરત ફરેલા આદિવાસીઓએ જણાવ્યું હતું કે, લોભ-લાલચો આપીને ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તિત કરવામાં આવ્યા હતા. અમે વર્ષોથી પ્રકૃતિ, સૂર્ય, ચંદ્ર, નાગ દેવ અને વાઘ દેવની સાથે હનુમાનજીની પૂજા કરતા આવ્યા છીએ. આ સમગ્ર અભિયાનનું નેતૃત્વ કરનાર અગ્નિવીર હિન્દુ સંગઠનના મહેન્દ્રસિંહ રાજપુરોહિતે જણાવ્યું હતું કે, યોજાયેલા કાર્યક્રમો દરમિયાન આ પરિવારોએ સ્વયંભૂ ઘર વાપસીની ઈચ્છા વ્યક્ત કરી હતી. ડાંગમાં થયેલા આ ‘શ્રી ગણેશ’ આગામી સમયમાં ધાર્મિક પરિવર્તનની દિશામાં એક મોટો વળાંક સાબિત થઈ શકે તેમ છે.

## નવસારીમાં 14 ફૂટની ગણેશ પ્રતિમા બનાવનાર સામે ગુનો નોંધાયો

નવસારીઃ તહેવારો પૂર્વે કાયદો અને વ્યવસ્થા જાળવવા જિલ્લા તંત્ર સતર્ક બન્યું છે. કલેક્ટર દ્વારા તા. 3 માર્ચે જાહેર કરાયેલા જાહેરનામા મુજબ 12 ફૂટથી વધુ ઊંચાઈની ગણેશ પ્રતિમાઓ બનાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં નવસારીમાં આ નિયમનો ભંગ થયાનો કેસ સામે આવ્યો છે. નવસારી રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા છાપરા ગામ નજીક ગાંધી ફાટક બ્રિજ પાસે સ્થિત ‘શિવમ મૂર્તિ કેન્દ્ર’ ખાતે તપાસ દરમિયાન 14 ફૂટ ઊંચાઈની બે ગણેશ પ્રતિમાઓ બનાવવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. પોલીસ ઈન્સ્પેક્ટર હિરલ બારોટના માર્ગદર્શન હેઠળ થયેલી તપાસમાં મૂર્તિ કેન્દ્રના માલિક આનંદ મહાદેવ દાસ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળતાં પોલીસે તેમના વિરુદ્ધ જાહેરનામાં ભંગનો ગુનો નોંધ્યો છે. આ કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહ દિલીપસિંહ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે, તેથી તમામ કલાકારો અને નાગરિકોએ નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે.

**‘ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર’ તાંત્રિક વિધિ અથવા અંધશ્રદ્ધાનો ભાગ**

# નવજાત શિશુ દાટ્યું હોવાની આશંકાએ પોલીસ દોડતી થઈ

**ચીખલીના** ફડવેલ ગામમાં પોલીસ તપાસમાં ‘કાળું માટલું’ નીકળ્યું

**બે** મહિલા અને પુરુષ શંકાસ્પદ હાલતમાં પોટલાં દાટીને ફરાર થતાં ગ્રામજનોમાં ફફડાટ


ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકાના ફડવેલ ગામે શનિવારે સાંજે બનેલી ઘટનાએ સમગ્ર પંથકમાં ઉત્તેજના જગાવી હતી. ગ્રામજનોએ જોયું કે બે મહિલાઓ અને એક પુરુષ જમીનમાં ખાડો ખોદીને લાલ અને કાળા કપડામાં વીંટાળેલી કોઈ શંકાસ્પદ વસ્તુ દાટીને ચાલ્યા ગયા હતા. રાત્રે ત્યાંથી પસાર થતા અન્ય ગ્રામજનોને કંઈક અજુગતું લાગતા તેમણે તાલુકા પંચાયત સભ્ય મહેશભાઈ અને સરપંચ હરીશભાઈને જાણ કરી હતી.

ઘટનાની ગંભીરતાને જોતા ચીખલી પોલીસના પીએસઆઈ એફ.એચ. પટેલ સહિતનો કાફલો ધસી આવ્યો હતો. પ્રથમ દ્રષ્ટિએ ગ્રામજનોને એવી આશંકા હતી કે કોઈ નવજાત શિશુને અહીં જીવતું કે મૃત અવસ્થામાં દાટવામાં આવ્યું હશે. જોકે, પોલીસની હાજરીમાં જ્યારે તે ખાડો ખોદવામાં આવ્યો, ત્યારે તપાસના અંતે ‘ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર’ જેવો ઘાટ સર્જાયો હતો. કાપડના પોટલામાંથી કોઈ માનવ શિશુ નહીં, પરંતુ લાલ-કાળા કપડામાં વીંટાળેલું એક કાળું માટલું મળી આવ્યું હતું. આ કોઈ તાંત્રિક વિધિ અથવા અંધશ્રદ્ધાનો ભાગ હોવાનું જણાયું હતું. સદનસીબે શિશુ હોવાની આશંકા ખોટી ઠરતા પોલીસે અને ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો.

# આઝાદી પછી પ્રથમવાર વાંસદામાં 16 કરોડના ખર્ચે બનશે મેજરબ્રિજ

**અંતરિયાળ** આદિવાસી વિસ્તારો માટે વિકાસના નવા દ્વાર ખુલશે, ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ


નિલેશ કાપડીયા

વાંસદા : વાંસદાના વાટી ગામે કાળાઆંબા-વાટી માર્ગ પર ‘મેજર બ્રિજ અને સ્લેબ ડ્રેઇન’ના નિર્માણનું ભવ્ય ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આઝાદીના દાયકાઓ બાદ પ્રથમ વખત અહીં બ્રિજનું નિર્માણ થવા જઈ રહ્યું હોવાથી વર્ષો જૂની હાલાકીનો અંત આવશે.

કેબિનેટ મંત્રી નરેશ પટેલ, સાંસદ ધવલ પટેલ અને ધારાસભ્ય વિજય પટેલના હસ્તે ₹16 કરોડના આ પ્રકલ્પનું ભૂમિપૂજન સંપન્ન થયું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી લોચન શાસ્ત્રી, પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્રી દીપિબેન પટેલ સહિત સ્થાનિક સરપંચો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વાંસદાના અંતરિયાળ અને ડુંગરાળ આદિવાસી વિસ્તારોને તાલુકા તેમજ જિલ્લા મથકો સાથે જોડતો આ બ્રિજ પરિવહનને વધુ સુગમ બનાવશે. નવા બ્રિજથી ગ્રામ્ય અને શહેરી વિસ્તાર વચ્ચેનું અંતર ઘટશે, જે ટ્રાફિકની સમસ્યા હળવી કરવાની સાથે આર્થિક અને સામાજિક ઉન્નતિ માટે પથપ્રદર્શક સાબિત થશે.

મુખ્ય અતિથિઓએ જણાવ્યું હતું કે, સરકાર છેવાડાના માનવી સુધી પાયાની સુવિધાઓ પહોંચાડવા કટિબદ્ધ છે. મજબૂત રોડ નેટવર્ક એ વિકાસની જીવાદોરી છે અને આ પ્રોજેક્ટથી સ્થાનિક રોજગારી તેમજ સુખાકારીમાં નોંધપાત્ર વધારો થશે.

## સંક્ષિપ્ત સમાચાર

### નવસારીમાં 44.65 કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ



નવસારીઃ શહેરના સર્વાંગી વિકાસને ગતિ આપવા માટે નવસારી મહાનગરપાલિકા દ્વારા રૂ. 44.65 કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત ટાઉન હોલ ખાતે યોજાયેલ સમારોહમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને નવસારીના સાંસદ સી.આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ‘સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના’ અંતર્ગત રૂ. 27.48 કરોડના માર્ગ વિકાસ કાર્યો તથા કાછિયાવાડી વિસ્તારના માઇનર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું. ઉપરાંત ફાયર ટેન્ડર, જેસીબી લોડર, બુમ ફાયર અને ફર્સ્ટ રિસ્પોન્સ વિહિકલ જેવા આપાતકાલીન સાધનોને પણ શહેરને અર્પણ કરવામાં આવ્યા, જેના કારણે તાત્કાલિક સેવાઓ વધુ સશક્ત બનશે. સંબોધન દરમ્યાન સી.આર. પાટીલએ નવસારીમાં વિકાસની ઝડપ અને ગુણવત્તાને વખાણતાં જણાવ્યું કે શહેર નવી મહાનગરપાલિકાઓમાં આગવું સ્થાન ધરાવે છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યોજનાઓનો લાભ શહેરને મળી રહ્યો હોવાનું પણ ઉમેર્યું અને ‘PM Mitra Park’ જેવા પ્રોજેક્ટ્સને ભવિષ્યમાં મહત્વપૂર્ણ ગણાવ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારી પુષ્પલતા, મ્યુનિસિપલ કમિશનર દેવ ચૌધરી, પોલીસ અધિક્ષક રાહુલ પટેલ સહિતના અધિકારીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. શહેરના વિકાસના આ નવા પગલાને લોકોએ સ્વાગત કર્યું હતું.

### વાપી કોચરવામાં ચૈત્રી નવરાત્રિએ નવ કન્યાની પૂજા કરાઈ



વાપી : વાપી નજીકના કોચરવા ગામના વડિયાવાડ ફળિયા સ્થિત શ્રી ફલેશ્વર મહાદેવ મંદિર પાસે હરિઓમ મિત્ર મંડળ દ્વારા પરંપરાગત ચૈત્રી નવરાત્રિની ઉજવણી કરવામાં આવી હતી. ચૈત્ર સુદ એકમથી શરૂ થયેલા આદ્યશક્તિ આરાધનાના આઠમના દિવસે માતાજીનો યજ્ઞ વિધિવત રીતે કરવામાં આવ્યો હતો. જ્યારે બીજા દિવસે નવ કન્યાઓની પૂજા વિધિવત રીતે ભક્તિભાવપૂર્વક કરવામાં આવી હતી. પૂજા પૂર્ણ થયા બાદ કન્યાઓને પ્રસાદ ગ્રહણ કરાવવામાં આવ્યો અને તેમની પાસેથી આશીર્વાદ લેવાયા હતા. કાર્યક્રમ બાદ ગામના નાના બાળકો અને ભક્તજનો માટે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના આગેવાન ધીરૂભાઈ પટેલના જણાવ્યા મુજબ, છેલ્લા 39 વર્ષથી ગામમાં આ પરંપરા અવિરત રીતે ચાલુ છે. આઠમના દિવસે હવન સાથે પૂજાપાઠ કરવામાં આવી હતી. આસો સુદમાં ભકતજનો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવે છે જ્યારે ચૈત્રી નવરાત્રિમાં પ્રસાદની વહેંચણી કરવામાં આવે છે.

### નવસારીમાં 5 વર્ષથી ફરાર ‘ચોંગડ ગેંગ’નો શાતિર ઝડપાયો, સુરતના 10 વાહન ચોરી કેસ ઉકેલાયા



નવસારીઃ જિલ્લામાં એલ.સી.બી. પોલીસને મોટી સફળતા મળી છે, જેમાં છેલ્લા પાંચ વર્ષથી પોલીસને ચકમો આપી ફરાર રહેલો મધ્યપ્રદેશની કુખ્યાત “ચોંગડ ગેંગ”નો શાતિર સાગરીત ઝડપાઈ ગયો છે. જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલની સૂચના અને એલ.સી.બી. પી.આઈ. વી.જે. જાડેજાના માર્ગદર્શન હેઠળ ટીમે ગુપ્ત બાતમીના આધારે ધોળાપીપળા બ્રિજ નીચે રેડ ગોઠવી આરોપી સચીન જુગલીયાભાઈ ચૌગડને ઝડપી પાડ્યો હતો. આરોપી સામે આશરે 30 જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે. પકડાયા બાદની પૂછપરછમાં આરોપીએ સુરતના પાંડેસરા અને સચીન GIDC વિસ્તારમાં થયેલા વાહન ચોરીના 10 જેટલા ગુનાઓ કબૂલ કર્યા છે, જેના કારણે તમામ કેસોનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. તપાસમાં જાણવા મળ્યું કે આરોપી મધ્યપ્રદેશના અલીરાજપુરથી ગુજરાતમાં આવી રાત્રિના સમયે સુનસાન વિસ્તારોમાં પાર્ક કરેલી મોંઘી બાઇકોને નિશાન બનાવતો હતો. તે લોક તોડી વાહનો ચોરી કરી, પછી પોતાના વતનમાં સસ્તા ભાવે વેચી દેતો હતો. હાલ આરોપીને વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે નવસારી રૂરલ પોલીસને સોંપવામાં આવ્યો છે, જ્યારે પોલીસ ગેંગના અન્ય સભ્યો સુધી પહોંચવા તપાસ તેજ બનાવી રહી છે.

### વાપીના કોપરલી માર્ગ પર દીપડો નજરે પડતા ગ્રામજનોમાં ભય

વાપી : વાપી કોપરલી માર્ગ પર દીપડો નજરે પડ્યો હોય જે અંગેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જે વાતને લઈ ગ્રામજનોમાં ભય જોવા મળી રહ્યો છે. વાપી કોપરલી ગામના માર્ગ પર દિવસે એક દીપડો નજરે પડયો હતો. માર્ગ પરથી પસાર થઈ રહેલ કોઈક વાહનચાલકે તેનો વિડીયો મોબાઈલમાં લીધો હતો અને તેને સોશિયલ મીડીયા પર વાયરલ કર્યો હતો. વાત વાયુ વેગે ગામમાં પ્રસરતા ગ્રામજનોમાં ભયનો માહોલ પેદા થયો હતો. આ બનાવ અંગેની જાણ વન વિભાગને પણ થઈ હોવાનું અને દીપડાને પકડવા માટે પાંજરૂ ગોઠવવામાં આવશેની માહિતી સાંપડી રહી છે.

### વાપીથી દેશી તમંચા સાથે યુવક ઝડપાયો



વાપી : વાપી ટાઉન નાયકવાડ વિસ્તારમાંથી એસઓજી ટીમે દેશી તમંચા સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. એસઓજીને મળેલી બાતમીના આધારે વાપી ટાઉન, નાયકવાડ, સાંઈ મંદિર ત્રણ રસ્તા પાસે, આર્યન ટાવરની સામેથી વર્ણવેલો ઈસમ અંકિત સુનિલભાઈ હળપતિ (ઉં.21, રહે. શ્રીજી સોસાયટી, રાતા, વાપી)નજરે પડ્યો હતો. અને તેને કોર્ડન કરી અંગઝડતી કરતા દેશી હાથ બનાવટનો તમંચો (કિંમત 15 હજાર) મળી આવ્યો હતો. પોલીસ દ્વારા વધુ પૂછતાછ કરતા આ દેશી તમંચો લોકડાઉન સમયે અલ્હાબાદ (યુપી) હતો ત્યારે અજાણ્યા પાસેથી રૂપિયા 15 હજારમાં ખરીદી કરેલો હતો. તમંચો લઈને તે દમણ જવા રીક્ષાની રાહ જોઈ રહ્યો હતો. એસઓજી ટીમે તેની સામે આર્મ્સ એક્ટ મુજબ ગુનો નોંધી વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### ખેરગામમાં ટ્રક વીજ થાંભલા સાથે અથડાઇ, ગંભીર અકસ્માત ટળ્યો



ખેરગામ : ખેરગામ તાલુકામાં પૂર્ણા અને માન નદીના પુલોને આંશિક બંધ કરાતા, ખેરગામમાંથી ભારે અને લાંબા વાહનોનો પ્રવાહ વધ્યો છે, જેના કારણે સ્થાનિક લોકો માટે જોખમી પરિસ્થિતિ ઊભી થઈ છે. રવિવારે સવારે ૭:૨૦ કલાકે ધરમપુર તરફથી આવતી એક ટ્રક, સામેથી આવતી અન્ય ટ્રકને માર્ગ આપવા જતાં વીજ થાંભલા સાથે અથડાઈ હતી. સદનસીબે વીજ પ્રવાહ બંધ હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ભારે અને લાંબા વાહનો બાબાસાહેબ વર્તુળને અડફેટે લેતા ડિવાઇડર અને અન્ય સુવિધાઓને પણ નુકસાન પહોંચાડી રહ્યા છે. ખાસ કરીને વર્તુળ સામે આવેલા ડિવાઇડરને આશરે દોઢથી બે મીટર જેટલો કાપીને ટૂંકું કરવામાં આવે તો વાહનોને સરળ અવરજવર માટે રાહત મળી શકે એવું લોકોનું માનવું છે. હાલની પરિસ્થિતિમાં દ્વિમાર્ગી રસ્તા પર ચતુર્માર્ગી જેટલો વાહનવ્યવહાર જોવા મળી રહ્યો છે, જેના કારણે ખેરગામના રહેવાસીઓ ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે.